# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 21-04-2025** **EVENING: 7.50 TO 8.00**

**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર સંસ્કૃતિ ભુંડિયા વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રીએ કહ્યું કે તેમની સરકાર જે નીતિઓ પર કામ કરી રહી છે તે આગામી હજાર વર્ષનું ભવિષ્ય ઘડશે.
2) ભારતની ચાર દિવસની મુલાકાતે આવેલા અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સ આજે પ્રધાનમંત્રી સાથે મુલાકાત કરશે.
3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી બે દિવસની સાઉદી અરેબિયાની મુલાકાતે જશે
4) રોમન કેથોલિક ચર્ચના ધર્મગુરૂ પોપ ફ્રાન્સિસનું અવસાન – પ્રધાનમંત્રી સહિત વિશ્વના અગ્રણી નેતાઓએ શ્રદ્ધાંજલી અર્પી.
5) હવામાન વિભાગે આગામી 5 દિવસ મધ્ય ભારતમાં ગરમ પવન ફૂંકાવાની આગાહી કરી
6) I.P.L. માં ગુજરાત ટાઇટન્સ સામેની મેચમાં ટોસ જીતીને કોલકાતા નાઈટ રાઈડર્સે બોલિંગ પસંદ કરી.

..........................................................................

હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.... (સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# PM - Civil Services Day

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે તેમની સરકાર જે નીતિઓ પર કામ કરી રહી છે તે આગામી હજાર વર્ષનું ભવિષ્ય ઘડશે. શ્રી મોદીએ દરેકને દેશ માટેના તેમના દ્રષ્ટિકોણને સાકાર કરવા માટે દરરોજ અને દરેક ક્ષણે અથાક મહેનત કરવા વિનંતી કરી.

આજે નવી દિલ્હીમાં 17મા સિવિલ સર્વિસીસ દિવસ નિમિત્તે સિવિલ સેવકોને સંબોધતા પ્રધાનમંત્રીએ કહ્યું કે છેલ્લા 10-11 વર્ષમાં વિકસિત ભારત માટે મજબૂત પાયો નખાયો છે. તેમણે વિકસિત ભારતના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે સામૂહિક પ્રયાસ અને દ્રઢ નિશ્ચયના મહત્વ પર પણ ભાર મૂક્યો.

(બાઇટ – પીએમ, આફ્ટર 10 વર્ષ )

પ્રધાનમંત્રીએ કહ્યું કે ભારતને વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થામાં ઝડપથી રૂપાંતરિત કરવામાં સિવિલ સેવકોની મોટી જવાબદારી છે. શ્રી મોદીએ સનદી કર્મચારીઓને આ મહત્વપૂર્ણ ઉદ્દેશ્ય પ્રાપ્ત કરવામાં આવતી તમામ અવરોધોને દૂર કરવા હાકલ કરી.

આ પ્રસંગે, શ્રી મોદીએ જિલ્લાઓના સર્વાંગી વિકાસ, મહત્વાકાંક્ષી બ્લોક્સ કાર્યક્રમ અને નવીનતાની શ્રેણીઓમાં જાહેર વહીવટમાં શ્રેષ્ઠતા માટે પ્રધાનમંત્રી પુરસ્કારો સનદી કર્મચારીઓને અર્પણ કર્યા. તેમણે બે ઈ-પુસ્તકો પણ પ્રકાશિત કર્યા.

. . . . . . . . . . . . . . .

## US Vice President – Akshardham

અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સ આજે સાંજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને મળશે. અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ આજે સવારે ચાર દિવસની ભારત મુલાકાતે નવી દિલ્હી પહોંચ્યા હતા. રાષ્ટ્રીય રાજધાનીમાં વિમાનીમથક પર માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે તેમનું સ્વાગત કર્યું હતું. શ્રી વેન્સને ગાર્ડ ઓફ ઓનર પણ આપવામાં આવ્યું હતું. ઉપરાષ્ટ્રપતિ વેન્સની આ ભારતની પહેલી મુલાકાત છે, જે બંને પક્ષોને દ્વિપક્ષીય સંબંધોમાં પ્રગતિની સમીક્ષા કરવાની તક પૂરી પાડશે. તેમની સાથે તેમના પત્ની ઉષા વાન્સ, બાળકો અને અમેરિકી વહીવટીતંત્રના વરિષ્ઠ સભ્યો પણ છે. તેમના આગમન પછી તરત જ, ઉપરાષ્ટ્રપતિ વાન્સ અને તેમના પરિવારે રાષ્ટ્રીય રાજધાનીમાં અક્ષરધામ મંદિરની મુલાકાત લીધી.

આજે તેમણે દિલ્હીમાં અક્ષરધામ મંદિરની મુલાકાત લીધી. અક્ષરધામ મંદિરના પ્રવક્તા રાધિકા શુક્લાએ જણાવ્યું હતું કે શ્રી વેન્સને એક સ્મૃતિચિહ્ન અર્પણ કરવામાં આવ્યું હતું, જેથી તેમની અવિસ્મરણીય યાદો કાયમ રહે. શ્રીમતી શુક્લાએ કહ્યું કે અમેરિકી ઉપરાષ્ટ્રપતિને મંદિરની કલાકૃતિ અને સાંસ્કૃતિક કોતરણી ખૂબ ગમી હતી.

અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સ આજે રાત્રે તેમના પરિવાર સાથે જયપુર પહોંચશે. તેમની સાથે અમેરિકી વહીવટીતંત્રના વરિષ્ઠ અધિકારીઓ પણ હાજર રહેશે. શ્રી વેન્સ જયપુરમાં ત્રણ દિવસ રહેશે.

. . . . . . . . . . . . . . . .

## PM Saudi Arabia Visit

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી બે દિવસની સાઉદી અરેબિયાની મુલાકાતે જશે. શ્રી મોદીની સાઉદી અરેબિયાની આ ત્રીજી સત્તાવાર મુલાકાત હશે. અગાઉ તેમણે 2016 અને 2019 માં મુલાકાત લીધી હતી.

આ મુલાકાત ભારત માટે સાઉદી અરેબિયાના વ્યૂહાત્મક મહત્વને પ્રતિબિંબિત કરે છે. સાઉદી અરેબિયા ભારતની ઉર્જા સુરક્ષા માટે મહત્વપૂર્ણ છે અને વિશ્વના સૌથી મોટા ભારતીય પ્રવાસી સમુદાયોમાંનું એક છે. તે વિશ્વમાં બીજા ક્રમની સૌથી મોટી ભારતીય વિદેશી વસ્તી માનવામાં આવે છે.

ઇસ્લામિક વિશ્વમાં સાઉદી અરેબિયાની મુખ્ય ભૂમિકા અને પ્રાદેશિક વિકાસમાં તેની વધતી જતી સંડોવણી આ રાજદ્વારી મુલાકાતને વધુ મહત્વપૂર્ણ બનાવે છે. આ મુલાકાત બંને દેશો વચ્ચે પહેલાથી જ મજબૂત સંબંધોને વધુ ગાઢ બનાવવાની તક પૂરી પાડશે.

. . . . . . . . . . . . . . . .

## Dubai-Indian Diaspora Reactions

સાઉદી અરેબિયા ભારતનો પાંચમો સૌથી મોટો વેપારી ભાગીદાર છે જ્યારે ભારત સાઉદી અરેબિયાનો બીજો સૌથી મોટો વેપારી ભાગીદાર છે. નાણાકીય વર્ષ 2023-24માં ભારતમાંથી સાઉદી અરેબિયામાં આયાત લગભગ 31.42 અબજ અમેરિકન ડોલર હતી જ્યારે નિકાસ 11.56 અબજ અમેરિકન ડોલરની હતી.

સાઉદી અરેબિયામાં ભારતીય ડાયસ્પોરા સમુદાયના અગ્રણી સભ્ય અને જેદ્દાહ ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ અલી મોહમ્મદ અલીએ ભારત અને સાઉદી અરેબિયા વચ્ચેના વ્યવસાય અને વાણિજ્યિક તકો પર પોતાના વિચારો રજૂ કર્યા.

. . . . . . . . . . . . . . . .

## Pope Francis dies

રોમન કેથોલિક ચર્ચના ધર્મગુરૂ પોપ ફ્રાન્સિસનું આજે વેટિકન સિટીમાં અવસાન થયું. તેઓ ૮૮ વર્ષના હતા. તેઓ છેલ્લા કેટલાંક સમયથી બીમાર હતા. પોપ ફ્રાન્સિસ પહેલા લેટિન અમેરિકન પોપ હતા અને પોપ બનનારા સૌથી વૃદ્ધ વ્યક્તિ હતા. પોપ ફ્રાન્સિસના નિધન પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિત વિશ્વભરના નેતાઓએ શ્રદ્ધાંજલિ આપી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોપ ફ્રાન્સિસના નિધન પર શોક વ્યક્ત કર્યો છે અને વૈશ્વિક કેથોલિક સમુદાય પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું કે પોપ ફ્રાન્સિસને વિશ્વભરના લાખો લોકો હંમેશા કરુણા, નમ્રતા અને આધ્યાત્મિક હિંમતના પ્રતીક તરીકે યાદ રાખશે.

યુરોપિયન આયોગના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેને,. યુરોપિયન કમિશનના ઉપાધ્યક્ષ કાજા કલ્લાટાસે , જર્મન ચાન્સેલર ઓલાફ સ્કોલ્ઝે,

બ્રિટિનના પ્રધાનમંત્રી કીર સ્ટોમર, ઇટાલીના પ્રધાનમંત્રી મેલોની, ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોને સહિત વિશ્વના અનેક નેતાઓએ શ્રદ્ધાંજલી આપી છે.

પુડુચેરીના લેફ્ટનન્ટ ગવર્નર કે. કૈલાસનાથન અને મુખ્યમંત્રી એન. રંગાસ્વામીએ પણ શ્રદ્ધાંજલી અર્પણ કરી છે.

. . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# Delhi-Girls Hostel

દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ આજે આદર્શ નગર વિધાનસભા મતવિસ્તારના ધીરપુરમાં સંકલ્પ ભવનમાં સંકલ્પ કન્યા છાત્રાલયનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી મનોહર લાલ ખટ્ટર પણ હાજર હતા.

આ પ્રસંગે મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ જણાવ્યું કે દેશભરમાંથી સિવિલ સર્વિસીસની તૈયારી કરી રહેલી વિદ્યાર્થીનીઓ આ હોસ્ટેલમાં આવીને રહી શકે છે.

. . . . . . . . . . . . . . . .

## Madhya Pradesh-Accident

મધ્યપ્રદેશના રાયસેન જિલ્લામાં ભોપાલ-જબલપુર રોડ પર ઝડપી ગતિએ જતી જીપ પુલ સાથે અથડાઈને 10 ફૂટ ઊંડા ખાડામાં પડી જતાં 6 લોકોના મોત થયા હતા.

રાયસેનના પોલીસ અધિક્ષક પંકજ કુમાર પાંડેએ જણાવ્યું હતું કે અકસ્માતમાં બે મહિલાઓ, એક છોકરી અને ત્રણ પુરુષોનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે ડ્રાઇવરને ઊંઘ આવી જવાને કારણે આ અકસ્માત થયો હતો.

. . . . . . . . . . . . . . . .

## WEATHER

હવામાન વિભાગે આગામી 5 દિવસ દરમિયાન મધ્ય ભારતમાં ગરમ પવન ફૂંકાશે તેવી આગાહી કરી છે. ૨૫મી તારીખ સુધી પૂર્વ રાજસ્થાન, મધ્યપ્રદેશ, વિદર્ભ અને છત્તીસગઢમાં ગરમીનું મોજું રહેવાની શક્યતા છે. આગામી 3 દિવસ દરમિયાન મધ્ય ભારત અને ગુજરાતમાં મહત્તમ તાપમાન બે ડિગ્રી સેલ્સિયસ વધવાની શક્યતા છે.

ઉત્તર-પૂર્વ ભારતમાં 26 તારીખ સુધી ભારે વરસાદ ચાલુ રહેશે. વિભાગે આગામી 7 દિવસ દરમિયાન કર્ણાટક, દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ, તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ અને તેલંગાણામાં વાવાઝોડા, વીજળી અને ભારે પવન સાથે વરસાદની આગાહી કરી છે.

. . . . . . . . . . . . . . . .

## IPL CRICKET

ઇન્ડિયન પ્રીમિયર લીગ- I.P.L. ટી-20 ક્રિકેટમાં આજે કોલકાતા નાઈટ રાઈડર્સ અને ગુજરાત ટાઈટન્સ વચ્ચે મુકાબલો થઈ રહ્યો છે. કોલકાતાના ઈડન ગાર્ડન સ્ટેડિયમમાં રમાતી મૅચમાં કોલકાતા નાઈટ રાઈડર્સે ટૉસ જીતીને બૉલિંગ પસંદ કરી છે.

હાલમાં મળતાં અહેવાલ મુજબ, ગુજરાત ટાઈટન્સે 6 ઑવરમાં વિના વિકેટ ગુમાવી 45 રન બનાવ્યા છે.

ગુજરાત સાત મૅચમાં પાંચ મૅચ જીતીને પૉઈન્ટ ટેબલમાં 10 પૉઈન્ટ સાથે ટોચના સ્થાને છે. જ્યારે કોલકાતા ત્રણ જીત અને ચાર હાર સાથે સાતમા સ્થાન પર છે.

. . . . . . . . . . . . . . . .

## BJP- Murshidabad

કેન્દ્રીય શિક્ષણ રાજ્યમંત્રી અને પશ્ચિમ બંગાળ ભાજપના પ્રદેશ અધ્યક્ષ ડૉ. સુકાંત મજુમદારે આજે પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદ

જિલ્લાના વક્ફ સુધારા કાયદા પર થયેલી હિંસાથી અસરગ્રસ્ત શમશેરગંજ ગામોની મુલાકાત લીધી હતી.

ડૉ. મજુમદારે ગ્રામજનોને આ વિસ્તારમાં BSF કેમ્પ સ્થાપવાની ખાતરી આપી. તેઓ જાફરાબાદમાં મૃતક હરગોવિંદ દાસ અને ચંદન દાસના પરિવારજનોને પણ મળ્યા.

ડૉ. મજુમદારે ગ્રામજનોને જણાવ્યું કે તેઓ તેમની માંગણીઓ કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ સુધી પહોંચાડશે. તેમણે આ ઘટના માટે રાજ્ય સરકાર અને શાસક તૃણમૂલ કોંગ્રેસની ટીકા કરી.

. . . . . . . . . . . . . . . .

## EPF Organisation – Members

આ વર્ષે ફેબ્રુઆરી મહિના દરમિયાન કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO) માં કુલ 16 લાખ 10 હજાર સભ્યોનો વધારો થયો છે. ફેબ્રુઆરી 2024 ની સરખામણીમાં 4 ટકાનો વધારો દર્શાવે છે.

શ્રમ અને રોજગાર મંત્રાલય આ વધારાને રોજગારની વધતી તકો, કર્મચારી લાભો પ્રત્યે વધતી જાગૃતિ અને કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠનની અસરકારક જનસંપર્ક પહેલને આભારી છે.

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠનના ડેટા અનુસાર, ફેબ્રુઆરી 2025 માં લગભગ 7 લાખ 39 હજાર નવા સભ્યો ઉમેરાયા હતા.

. . . . . . . . . . . . . . . .